# આ તે કેવું અર્થતંત્ર ?

અત્યારે અમદાવાદશહેરમાં લગભગ ૨૦,૦૦૦થી પણ વધારે બીડી-કામદારબહેનો ભૂખમરા ભણી ધકેલાઈ રહ્યાં છે. આ બહેનો તેંદુપત્તાંમાં તમાકુનો ભૂકો ભરી, બીડી વાળી તેમનું ગુજરાન ચલાવે છે. બીડી દરેકને વાળતાં ન આવડે. તેને માટે પણ ખાસ આવડતની જરૂર છે, જે આ બહેનો પાસે છે. જાણે કે બીડી વાળવાનું પણ વંશ-પરંપરાગત કામ થઈ ગયું છે. આ બહેનો રોજની ૧૦૦૦થી ૧૫૦૦ બીડી વાળે, ત્યારે માંડ બત્રીસથી ચોત્રીસ રૂપિયા મેળવે. તેમાંથીયે પાછું તેંદુનાં પાન અને તમાકુના ભૂકાના પૈસા તો બાદ થાય. તો ક્યારેક ૧૦૦૦માંથી અમુક બીડીની છાંટ થાય. એટલે કે તે સરખી ન વળાઈ હોય તો તે પણ બાદ થાય. સામાન્યરીતે હજારે લગભગ વીસ જેટલી બીડીની છાંટ થતી હોય.